RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 273, Dt.06-01-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સૂર્ય મિશન પર નીકળેલું 'ઈસરો'નું આદિત્ય-એલ૧ ઈતિહાસ રચશે

## સાંજે ૪ વાગ્યે આદિત્ય-એલ૧ પોઈન્ટ પર પહોંચશે જયાં તે બે વર્ષ સુધી સૂર્યનો અભ્યાસ કરશેઃ મહત્વના રહસ્યો સામે આવશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચંદ્ર ઉપર ઉતર્યા બાદ આજે ભારત વધુ એક ઈતીહાસ રચવા જઇ રહ્યું છે. સૂર્ય મિશન પર નીકળેલુ ISROનું આદિત્ય એલ-૧ શનિવાર સાંજે ચાર વાગ્યે લૈંગ્રેંજ પોઇન્ટ-૧ (એલ૧) પર પહોંચવાની સાથે અંતિમ કક્ષામાં સ્થાપિત થઇ જશે. અહીં આદિત્ય ૨ વર્ષ સુધી સૂર્યનો અભ્યાસ કરશે અને મહત્ત્વપૂર્ણ આંકડા ભેગા કરશે. ભારતના આ પહેલા સૂર્ય અધ્યયન અભિયાનને ઇસરોએ ૨ સપ્ટેમ્બરે લોન્ચ કર્યું હતું.

L-1 પોઇન્ટની આસપાસના વિસ્તારને હેલો ઓર્બિટના રૂપમાં ઓળખવામાં આવે છે, જે સૂર્ય-પૃથ્વી પ્રણાલી વચ્ચે હાજર પાંચ સ્થળમાંથી એક છે, જયા બન્ને પિંડોનું ગુરૂત્વાકર્ષણ પ્રભાવ વચ્ચે સામ્યતા છે. આ તે સ્થળ છે, જયાં બન્ને પિંડોના ગુરૂત્વુ શક્તિ એક બીજા પ્રત્યે સંતુલન બનાવે છે. પૃથ્વી અને સૂર્ય વચ્ચે આ પાંચ સ્થળો પર સ્થિરતા મળે છે, જેનાથી અહીં હાજર વસ્તુ સૂર્ય અથવા પૃથ્વીના ગુરૂત્વાકર્ષણમાં ફસાતી નથી.

L-1 બિંદુ પૃથ્વીથી લગભગ ૧૫ લાખ કિલોમીટર દૂર છે. આ પૃથ્વી અને સૂર્ય વચ્ચેના કુલ અંતરનું માત્ર ૧ ટકા છે. બન્ને ગ્રહોનું કુલ અંતર ૧૪.૯૬ કરોડ કિલોમીટર છે. ઇસરોના એક વૈજ્ઞાનિક અનુસાર હેલો ઓર્બિટ સૂર્યની ચારે તરફ પૃથ્વીના ફરવાની સાથે સાથે ફરશે.

ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સના ડાયરેક્ટર અન્નપૂર્ણિ સુબ્રમણ્યમના જણાવ્યા અનુસાર, અંતિમ ભ્રમણકક્ષામાં પહોંચવુ ખૂબ જ પડકારજનક છે અને આ પહેલીવાર છે જયારે ISRO આવો પ્રયાસ કરી રહ્યું છે. સૌર ભૌતિકશાષી અને આદિત્ય એલ-૧ મિશનની સ્પેસ વેધર અને મોનિટરિંગ કમિટીના અધ્યક્ષ દિવ્યેન્દુ નંદી કહે છે કે અવકાશયાનની ગતિ અને માર્ગ બદલવા માટે થ્રસ્ટરનું સચોટ ફાયરિંગ હોવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે, જો પ્રથમ પ્રયાસમાં ઇચ્છિત ભ્રમણકક્ષા પ્રાપ્ત ન થાય, તો પછીના સુધારાઓ માટે બહુવિધ થ્રસ્ટર ફાયરિંગની જરૂર પડશે.

ISROના મિશનને સમગ્ર વિશ્વમાં ઉત્સુકતાથી જોવામાં આવી રહ્યું છે, કારણ કે તેના સાત પેલોડ્સ સૌર ઘટનાઓનો વ્યાપક અભ્યાસ કરશે અને વૈશ્વિક વૈજ્ઞાનિક સમુદાયને ડેટા પ્રદાન કરશે, જે બધાને સૂર્યના કિરણોત્સર્ગ, કણો અને ચુંબકીય ક્ષેત્રોનો અભ્યાસ કરવા સક્ષમ બનાવશે. અવકાશયાન એક કોરોનોગ્રાફ વહન કરે છે, જે વૈજ્ઞાનિકોને સૂર્યની સપાટીની ખૂબ નજીકથી અવલોકન કરવાની મંજૂરી આપશે અને ડેટા પ્રદાન કરશે.

# નવા કોર્ટ સંકુલનું લોકાર્પણ કરતા ચીફ જસ્ટીસ ધનંજય ચંદ્રચૂડ

## સુપ્રિમ કોર્ટના જસ્ટીસ અરવિંદકુમાર, હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ, હાઈકોર્ટના ન્યાય મૂર્તિ આશુતોષ શાસ્ત્રી, કાયદા મંત્રી ઋષિકેશ પટેલ સહિતના મહાનુભાવોની હાજરી








**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરને એક પછી એક અતિ આધુનિક સુવિધાઓ મળી રહી છે. જેમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ, એઈમ્સ, સ્માર્ટ સિટી, અટલ સરોવર જેવી સુવિધાઓ સરકાર દ્વારા આપવામાં આવી છે ત્યારે તેમાં વધુ એકનો ઉમેરો થયો છે. રાજ્ય સરકાર દ્વારા જામનગર રોડ ઘંટેશ્વર નજીક ૧૧૦ કરોડના ખર્ચે અતિઆધુનિક કોર્ટ સંકુલનું નિર્માણ કર્યુ હતું. જેનું આજે સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ ધનંજય વાય.ચંદ્રચુડે લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

રાજકોટનાં જામનગર રોડ પર ઘંટેશ્વર નજીક ૧૪ એકર જગ્યામાં ૧૧૦ કરોડના ખર્ચે પાંચ માળનું અતિઆધુનિક કોર્ટ સંકુલ તૈયાર કરાયું છે. જેમાં વિવિધ કક્ષાની ૫૦ જેટલી કોર્ટ કાર્યરત થશે. આ નવા કોર્ટ સંકુલમાં નવી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં સેન્ટ્રલ ફાઈલીંગ, સેન્ટ્રલ ઈ સેવા કેન્દ્ર, એડીઆર સેન્ટર, લીગલ એઈડ ડિફેશન કાઉન્સિલની કચેરી, મેડીયેશન સેન્ટર, વલ્નરેબલ વિટનેસ ડિપોઝીશન સેન્ટર, કાઉન્સેલિગં સેન્ટર, કોલ આઉટ ફંકશન, ઈ ફાઈલિંગ ફોર કોમર્શિયલ કોર્ટ, વિટનેસ ડિપોઝીશન સેન્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યમાં સૌ પ્રથમ વખત રાજકોટ ખાતે ડિપોઝીશન સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે.ચીફ જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડે નવી કોર્ટ બિલ્ડીંગનું લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે તેમની સાથે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરવિંદકુમાર, હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ, હાઈકોર્ટના ન્યાય મૂર્તિ આશુતોષ શાસ્ત્રી સહિતનાં હાઈકોર્ટના ન્યાયાધિશો તેમજ કાયદા મંત્રી ઋષિકેશ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

# અયોધ્યામાં જાણીતા કથાકારોની રામકથા સાથે મહામહોત્સવનો ભવ્ય પ્રારંભ થશે

## મહા મહોત્સવ દરમિયાન હેમામાલિની, મનોજ શુકલા, અનુપ જલોટા, કુમાર વિશ્વાસ, મનોજ તિવારી સહિતના કલાકારો પોતાની કલા રજૂ કરશે

**મુખ્ય સમાચાર, અયોધ્યા**

સૂર્યદેવતાના ઉતરાયણમાં જવાની સાથે જ ૧૬ જાન્યુઆરીથી પ્રાણ પ્રતિષ્ઠા માટે જરૂરી અનુષ્ઠાનોની શરૂઆત થઈ જશે. આ પહેલા સીએમ યોગી આદીત્યનાથની સરકારના સંસ્કૃતિ વિભાગ દ્વારા ૮ જાન્યુઆરીથી સરયુ તટ પર રામકથા પાર્કમાં દેશના પ્રખ્યાત કથાકારોની રામકથાની અમૃત વર્ષા થશે. આ સાથે જ મહામહોત્સવનો આરંભ થઈ જશે, જે હોળી સુધી ચાલશે.

પ્રાણ પ્રતિષ્ઠાનો દિવસ જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ અયોધ્યા સહિત પુરા દેશમાં ઉત્સાહ ચરમસીમાએ પહોંચવા લાગ્યા છે એટલે રોજે રોજ અયોધ્યા આવનારા શ્રદ્ધાળુઓની સંખ્યા વધવા લાગી છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા ૧૬ જાન્યુઆરીથી ધાર્મિક આયોજનની શૃંખલા શરૂ થઈ જશે,



જે ૨૨ તારીખની બપોર બાદ મૃગશિરા નક્ષત્રમાં રામલલાની નવીન મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સુધી ચાલુ રહેશે.

આ પહેલા પુરા માહોલને રામમય બનાવવા માટે સંસ્કૃતિ વિભાગે તૈયારીઓ પુરી કરી લીધી છે. દરમિયાન વિભાગ દ્વારા રામોત્સવ અંતર્ગત અન્ય ધાર્મિક કાર્યક્રમોનો પણ પ્રસ્તાવ છે.

આ કાર્યક્રમો અંતર્ગત સંસ્કૃતિ વિભાગ દ્વારા રામકથા પાર્કમાં ૮થી૧૪ જાન્યુઆરી સુધી ચિન્મયાનંદ બાપુ, ૩૦ જાન્યુઆરીથી ૭ ફેબ્રુઆરી સુધી જગદગુરુ રામદિનેશાચાર્ય અને ત્યારબાદ દેવકીનંદન ઠાકુરની રામકથા પ્રસ્તાવિત છે.

જયારે પંચકોશી પરિક્રમા માર્ગ પર સ્થિત બડા ભકતમાલની બગિયામાં ૧૪થી૨૨ જાન્યુઆરી સુધી પદ્મવિભૂષણ તુલસી પીઠાધિશ્વર જગતગુરુ રામાનંદાચાર્ય સ્વામી રામભદ્રાચાર્યની કથા થશે. આ આયોજનમાં હેમામાલિની, કન્હૈયા મિતલ, મનોજ મુંતશિર શુકલા, અનુપ જલોટા, કુમાર વિશ્વાસ, રવિકિશન, દિનેશ લાલ યાદવ અને માલિની અવસ્થી સામેલ થવાની વાત છે. મોટી છાવણીમાં પ્રાંગણમાં શ્રીરામ મહાયજ્ઞનું આયોજન ૧૦થી૧૮ ફેબ્રુઆરી સુધી થશે. ૨૫થી૩૧ જાન્યુઆરી સુધી ઉદાસીન સંગત ઋષિ આશ્રમ રાનોમાલીમાં શ્રીમદ ભાગવત કથા પુંડરિક ગોસ્વામીજી કરશે.

# ઠંડીમાં સામાન્ય ઘટાડોઃ રાજકોટમાં ૧૧.૨ તેમજ નલિયામાં ૧૦.૩ તાપમાન નોંધાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં બે દિવસ જોરદાર ઠંડી રહ્યા બાદ આજે તાપમાન થોડુ ઉંચકાયું છે જેથી ઠંડીના પ્રમાણમાં ઘટાડો થયો છે. આજે તમામ શહેરોમાં ન્યુનતમ તાપમાનનો પારો બે આંકડામાં આવી ગયો છે. છતાં લોકો ગરમ કપડામાં બહાર નીકળી રહ્યા છે અને સવારે નીરો તથા રાત્રીના કાવાની મોજ પણ માણી રહ્યા છે.

આજે નલીયામાં ૧૦.૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું તો રાજકોટમાં



૧૧.૨, ભાવનગરમાં ૧૬, જામનગરમાં ૧૪.૫, સુરેન્દ્રનગરમાં ૧૨.૫ડિગ્રી તાપમાન રહ્યું હતું. વહેલી સવારે મોર્નિંગ વોકમાં નીકળતા લોકોની સંખ્યા વધી છે અને શીયાળામાં ઉર્જા મેળવવા આરોગ્ય માટે જાગૃત લોકો કસરત સહિતના સ્થળોએ પણ જોવા મળે છે.

આ વર્ષે પણ માગશર માસમાં ઠંડીએ જમાવટ કરી છે છેલ્લા એકાદ સપ્તાહથી ઠંડીનો પારો નીચે જતા લોકો ઠુંઠવાય છે જામનગરમાં સામાન્ય રીતે નવેમ્બર ડિસેમ્બર મહિનામાં ઠંડીનો પ્રારંભ થાય છે પરંતુ આ વખતે જાન્યુઆરીના પ્રારંભે ઠંડી પડવાનું શરૂ થયું છે છેલ્લા બે ત્રણ દિવસથી તેજ પવનના કારણે કાતિલ ઠંડીનું મોજુ પણ શરૂ થયું છે.

# જીએસટીમાં ફરી એકવાર બદલાવઃ ઈ-ઈનવોઈશ એટેચ નહીં કરાય ત્યાં સુધી ઈ વે બીલ જનરેટ નહીં થાય

## રૂા.પાંચ કરોડ કે તેથી વધુના બિઝનેશ ટુ બિઝનેસ વ્યવહારમાં ૧ માર્ચથી નવો નિયમ લાગુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જીએસટીમાં એક વધુ બદલાવ મુજબ રૂા.૫ કરોડ કે તેથી વધુના ટર્નઓવર ધરાવતા બિઝનેસ ટુ બિઝનેસ વ્યવહારમાં જયાં સુધી ઈ ઈન્વોઈસ માહિતી આપવામાં નહી આવે ત્યાં સુધી ઈ-વે બીલ જનરેટ થશે નહી. જે રીતે જીએસટીમાં બોગસ બિલીંગ અને તેના આધારે મોટા કૌભાંડ થઈ રહ્યા છે તે સંદર્ભમાં જીએસટી વિભાગે તા.૧ માર્ચથી આ નવો નિયમ લાગુ કરવા તૈયારી કરી છે.




ગુડઝ એન્ડ સર્વિસ ટેકસમાં રૂા.૫૦ હજારથી વધુના માલના પરિવહન સમયે ઈ-વે બિલની જરૂર રહે છે અને તે સંદર્ભમાં ધ નેશનલ ઈન્ફરમેશન સેન્ટર દ્વારા એ વિશ્લેષણ કરાયું છે કે જેઓને ઈ-ઈન્વોઈસીંગ જનરેટ કરવાનું ફરજીયાત છે. તેઓ પોતાના ઈ-વે બીલને ઈ-ઈન્વોઈસ એટેચ કર્યા વગર ઈ-વે બિલ જનરેટ કરે છે. અથવા તો અલગ પ્રકારના બિલ બનાવીને તેના આધાર હેઠળ બોગસ ક્રેડીટ પણ મેળવી લે છે.

આ પરીસ્થિતિને ડામવા માટે ૧ માર્ચ ૨૦૨૪થી રૂા.૫ કરોડ કે તેથી વધુના બિઝનેસ ટુ બિઝનેસમાં ઈ-વે બીલમાં જયાં સુધી ઈ-ઈન્વોઈસ એટેચ નહી કરાય ત્યાં સુધી ઈ-વે બિલ જ જનરેટ નહી થાય. આ માટે જીએસટી સીસ્ટમમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે અને તે ૧ માર્ચથી અમલમાં આવશે.

# ડિસેમ્બરમાં ડીમેટ એકાઉન્ટ ખોલવાનો રેકોર્ડ બન્યોઃ૪૧.૭૮ લાખથી વધુ એકાઉન્ટ ખોલાયા, કુલ ડીમેટ એકાઉન્ટ ૧૩.૯૩ કરોડને પાર થયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ડિસેમ્બર ૨૦૨૩માં ડીમેટ એકાઉન્ટ ખોલવાનો રેકોર્ડ બન્યો છે. સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસ અને નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરીના ડેટા અનુસાર ડિસેમ્બરમાં ખોલવામાં આવેલા ડીમેટ એકાઉન્ટની સંખ્યા કુલ ૪૧.૭૮ લાખથી વધુ હતી.

જ્યારે એક મહિના પહેલા આ સંખ્યા ૨૭.૮૧ લાખ હતી અને એક વર્ષ પહેલા આ સંખ્યા ૨૧ લાખ હતી. ડીમેટ એકાઉન્ટની કુલ સંખ્યા ૧૩.૯૩ કરોડને પાર થઈ ગઈ છે, જે એક મહિના પહેલાની સરખામણીમાં ૩.૧% અને એક વર્ષ પહેલાની સરખામણીમાં ૨૮.૬૬% વધારે છે.

શેરબજાર સતત નવી ઊંચી સપાટી બનાવી રહ્યું છે અને ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ એટલે કે IPOના પોઢિટિવ લિસ્ટિંગ્સે પણ બજારમાં રોકાણકારોનો



વિશ્વાસ વધાર્યો છે. અન્ય એક વિશ્લેષકે જણાવ્યું હતું કે હાલની વોલેટિલિટી અને પ્રોફિટ-ટેકિંગ છતાં બજારમાં તેજી રહેવાની ધારણા છે.

૨૦૨૩ માં, સેન્સેક્સ અને નિફ્ટી બંને ૧૮.૮% અને ૨૦% વધ્યા. જ્યારે BSE મિડકેપ અને BSE સ્મોલકેપમાં ૪૫.૫% અને ૪૭.૫%નો ઉછાળો આવ્યો છે. બજારની તેજીએ FOMO એટલે કે ચૂકી જવાના ભયને જન્મ આપ્યો છે. તેના કારણે ડિસેમ્બરમાં ડીમેટ ખાતામાં વધારો થયો હતો.

મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમમાં હાલની ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે આગામી વર્ષે ૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ફરી એક્વાર મોદી સરકાર બની શકે છે. બજાર તેને અર્થતંત્ર માટે પોઝિટિવ માની રહ્યું છે.

Q2FY24 એટલે કે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરનો GDP ડેટા ૩૦ નવેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યો હતો, જે RBIની અપેક્ષા કરતાં ૭.૬% વધુ હતો. RBIએ Q2FY24માં GDP વૃદ્ધિનો અંદાજ ૬.૫% રાખ્યો હતો. આ સિવાય GST કલેક્શન પણ સારી અર્થવ્યવસ્થાનો સંકેત આપી રહ્યું છે.બેંક લેડ બ્રોકર્સે ઝડપથી વિકસતા બજારો વચ્ચે થ્રી-ઈન-વન એકાઉન્ટની સુવિધા ઓફર કરીને વિશાળ ગ્રાહક આધારને આકર્ષ્યો છે. મહેતા ઇકિવટીઝના ડાયરેકટર પ્રશાંત ભણસાલીએ કહ્યું- આગામી ૧૨ મહિનામાં ૨૦ કરોડ ડીમેટ એકાઉન્ટ સુધી પહોંચવાનું શક્ય લાગે છે.

# ગૌતમ અદાણી ભારતના સૌથી ધનિક ઉદ્યોગપતિઃ₹૮.૧૨ લાખ કરોડની સંપત્તિ સાથે મુકેશ અંબાણીને પાછળ રાખ્યા, દુનિયામાં ૧૨મા નંબરે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

અદાણી ગ્રૂપની કંપનીઓના ચેરપર્સન ગૌતમ અદાણી બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને પાછળ ધકેલીને ફરી એકવાર ભારતના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. શેર્સમાં થયેલા વધારાને કારણે ગૌતમ અદાણીએ વર્લ્ડ રેન્કિંગમાં ટોપ ૧૨માં પોતાનું સ્થાન મેળવ્યું છે, જ્યારે અંબાણી એક સ્થાન નીચે ૧૩માં સ્થાને છે.

ગૌતમ અદાણીની નેટવર્થ આ વર્ષે ૧૩ બિલિયન ડોલર એટલે કે આશરે રૂ. ૧.૦૮ લાખ કરોડ વધીને ૯૭.૬ બિલિયન ડોલર એટલે કે આશરે રૂ. ૮.૧૨ લાખ કરોડ સુધી પહોંચી છે. જ્યારે મુકેશ અંબાણીની કુલ સંપત્તિ આ વર્ષે ૬૬૫ મિલિયન એટલે કે લગભગ ૫ હજાર કરોડ રૂપિયા વધીને ૯૭ બિલિયન ડોલર એટલે





કે લગભગ ૮.૦૭ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

અદાણી-હિંડનબર્ગ કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયને કારણે, જૂથના તમામ ૧૦ શેર્સમાં વધારો જોવા મળ્યો, જેના કારણે અદાણીની નેટવર્થ વધી છે. ગયા વર્ષે ૨૪ જાન્યુઆરીના રોજ અમેરિકન શોર્ટ સેલર કંપની હિંડનબર્ગે ગૌતમ અદાણી પર શેરની હેરાફેરી અને મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો હતો, ત્યારબાદ કંપનીના શેરમાં ભારે ઘટાડો થયો હતો.

ઇલોન મસ્ક, વિશ્વના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ ઇલેક્ટ્રિક વાહન કંપની ટેસ્લાના ઈઊઘ ઇલોન મસ્ક ૧૮.૩૧ લાખ કરોડ રૂપિયાની નેટવર્થ સાથે વિશ્વના સૌથી અમીર બિઝનેસમેન છે. તેમના પછી એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ રૂ. ૧૪.૦૧ લાખ કરોડની નેટવર્થ સાથે છે અને ત્રીજા સ્થાને ફ્રાન્સના બર્નાર્ડ અર્નોલ્ટ છે. તેમની કુલ સંપત્તિ ૧૩.૯૮ લાખ કરોડ રૂપિયા છે.

સુપ્રીમ કોર્ટે આ કેસની તપાસ માટે ૬ સભ્યોની કમિટીની રચના કરી હતી. આ સિવાય માર્કેટ રેગ્યુલેટર સેબીને પણ તપાસ કરવા માટે કહેવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટે ૩ જાન્યુઆરીએ પોતાના નિર્ણયમાં ૪ મોટી વાતો કહી હતી, જે એક રીતે અદાણી માટે ક્લીનચીટ છે.

ગૌતમ અદાણીની આગેવાની હેઠળનું અમદાવાદનું અદાણી ગ્રુપ મુખ્યત્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે કામ કરે છે. તેઓ દેશના સૌથી મોટા પ્રાઈવેટ પોર્ટની માલિક છે અને ગ્લોબલ કોલ ટ્રેડિંગમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ગૌતમ અદાણીના જૂથની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઇઝિસ છે.

# મોરબીના મહેન્દ્રનગર ગામ પાસે નવા ફાયર સ્ટેશન માટે સોંપેલ સરકારી જમીન ઉપરના દબાણ હટાવાયા

## અંદાજે ૯,૯૭૦ ચો.મી. જમીન ઉપર થયેલ દબાણ હટાવાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા કક્ષાના નવા ફાયર સ્ટેશન માટે મહેન્દ્રનગર ગામની સરકારી ખરાબાની સર્વે નં ૧૫૬ પૈકીની જગ્યા ઉપર કરવામાં આવેલ મોટા પાયા પરના દબાણ દૂર કરવામાં આવ્યા છે. ત્યારે મોરબી તાલુકા મામલતદાર નીખિલભાઈ દ્વારા જણાવ્યું હતું કે મોરબી જીલ્લાના નવા ફાયર સ્ટેશન માટે સરકારી જમીન ઉપર કોમર્શિયલ, રહેણાંક અને ધાર્મિક



દબાણો પૈકીના અંદાજે ૯,૯૭૦ ચો.મી.ની જમીન ખાલી કરાવવાની કામગીરી અત્રે ચાલુ હોવાનું જણાવ્યું હતું. વધુમાં મામલતદાર દ્વારા જણાવ્યું હતું કે મોરબી જીલ્લા કક્ષાના નવા ફાયર સ્ટેશન માટે મહેન્દ્રનગર ગામનું લોકેશન છે ત્યાંથી મોરબી ઔદ્યોગિક વિસ્તારમાં ક્યાંય પણ આગજનીના બનાવો બને ત્યારે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જવામાં આ સ્થળ વધુ અનુકૂળ રહે.

# રાજુલા તાલુકાના ભેરાઇ ગામે CSPC સંસ્થા દ્વારા સમ્માન કનેક્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા તાલુકાના ભેરાઇ ગામે આ આયોજન કરાયું હતુ જેમાં સો પ્રથમ ગામના સરપંચ ગાંડાભાઈ રામ,ઉપસરપંચ અને પાણી સમિતિના સભ્યો સહિત ગામના આગેવાનો તેમજ CSPC સંસ્થાનો સ્ટાફ ઈકબાલભાઈ,સુનિલભાઈ, જયદિયભાઇ,સુભમભાઈ દ્વારા કાર્યક્રમને લીલી ઝંડી આપવામાં આવેલ અને ત્યારબાદ રથ દ્વારા આખા ગામમાં પાણી ના મહત્વ વિષે રૂબરૂ મળી અને જે લોકોને ત્યાં પદ્ધતિસર નળ કનેકશન લગાવેલ અને તેમના ઘરે સમમાંન કનેક્શનનું સ્ટીકર લગાવવામાં આવેલ





ત્યારબાદ ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં બાળકો સાથે પાણીના મહત્વ વિષે સમજણ આપવામાં આવેલ તેમજ ક્લોરિન મશીનનો ડેમો બતાવેલ અને બાળકોને સ્વચ્છતાની સાપસીડી રમાડવામાં આવેલ ત્યાર બાદ પાર્થમિક શાળામાં જાહેર કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ગામના સરપંચ અને પાણી સમિતિના સભ્યો ઉપસ્થિત રહેલ અને જે લોકોને પદ્ધતિસર નળ લગાવેલ છે તેમને સન્માનિત કરવામાં આવેલ તેમજ વિડ્યોના માધ્યમ દ્વારા ગામ લોકોને સુદ્ધ પાણીના મહત્વ તેમજ ગામની યોજનાને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે ખાસ પાણી વેરો જે ભેરાઇ ગામમાં ઘરેથી લેવામાં આવે છે, તેનો ઉપયોગ કેવી રીતે થાય તે જણાવવામાં આવેલ અને ક્લોરિન યુકત પાણી ગામમાં મળી રહે તે માટે ગામમાં કલોરીનેશન મશિન લગાવવામાં આવેલ છે તેના વિશે ચર્ચા કરેલ અને કાર્યક્રમના અંતે ઇકબાલભાઇ દ્વારા ગામ લોકોનો આભાર વ્યક્ત કરેલ

# રાજુલા જાફરાબાદ તાલુકાનાં રેવન્યુ તલાટી મંત્રી અને નાયબ મામલતદારની ખાલી જગ્યાઓ ભરવા માંગ

## રાજુલા યુવક કોંગ્રેસના પ્રમુખ અજય શિયાળ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખી કરી રજૂઆત

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** અમરેલી જિલ્લાનાં રાજુલા અને જાફરાબાદ બંને તાલુકાઓમાં ખેતી ની સાથોસાથ ઔધોગિક એકમો અને મીઠા ઉધોગ પણ આવેલ છે જેનાં કારણે અહિયાં રેવન્યુ તલાટી મંત્રીઓ પાસે અન્ય વિસ્તાર કરતાં કામગીરી વધુ હોય છે. રાજુલા તાલુકા માં ૭૨ જેટલા ગામો આવેલા છે અહિયાં ૧૭ રેવન્યુ ગ્રુપ આવેલ છે અને મહેકમ મુજબ ૧૭ જગ્યાઓ છે જ્યારે તેની સામે હાલ ૬ રેવન્યુ તલાટી મંત્રી અહીંયા ફરજ બજાવી રહ્યા છે ૧૧ જગ્યાઓ ખાલી પડી છે તેનાં કારણે એક રેવન્યુ તલાટી મંત્રી પાસે ૨-૩ રેવન્યુ ગ્રુપ નાં ગામો આપવામાં આવેલ છે બીજી તરફ



જાફરાબાદ તાલુકામાં મહેકમ મુજબ કુલ ૮ રેવન્યુ તલાટી મંત્રીની જગ્યાઓ છે જેની સામે હાલ ૨ જ રેવન્યુ તલાટી મંત્રી અહીંયા ફરજ બજાવી રહ્યા છે હાલ ૬ જગ્યાઓ ખાલી છે આમ આ બંને તાલુકાઓમાં રેવન્યુ તલાટી મંત્રી ની જગ્યાઓ ખાલી રહેવા નાં કારણે અન્ય રેવન્યુ તલાટી મંત્રીઓને વધારાની જવાબદારી સોંપવામાં આવેલ છે તેનાં કારણે અરજદારો અને કચેરી નાં સમયસર કાર્યો થઈ શકતાં નથી કારણકે મોટા ભાગનાં રેવન્યુ તલાટી મંત્રી નોટિસ બજવણી, તપાસ, રોજકામ,પંચરોજ સહિત ની ફિલ્ડ કામગીરી માં જ વ્યસ્ત રહે છે જેનાં કારણે સમયસર કામગીરી થઈ શકતી નથી. રેવન્યુ તલાટી મંત્રીઓ માંથી નાયબ મામલતદાર તરીકે બઢતી થતાં રાજ્ય નાં મોટા ભાગ નાં તાલુકાઓમાં રેવન્યુ તલાટી મંત્રીઓની જગ્યાઓ ખાલી પડેલ છે. જે માટે વહેલી તકે ભરતી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો

# શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

## સાત દિવસીય કેમ્પમાં આશરે ૨૫૦૦૦ લોકોની સારવારનો સંકલ્પ

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** દક્ષિણ ગુજરાતના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોને ઉચ્ચ ગુણવત્તાની વ્યાપક તબીબી સારવાર વિના મુલ્યે ઉપલબ્ધ કરાવવાના હેતુથી શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા તારીખ ૧ - ૭ જાન્યુઆરી ૨૦૨૪ સુધી સાત દિવસ સવારે ૮:૩૦ થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી 'મફત સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પ' આયોજિત કરવામાં આવ્યો છે. જેમાં તમામ રોગોની સામાન્યથી લઈને સર્જીકલ એમ દરેક પ્રકારની ઉચ્ચ આધુનિક સારવાર તદ્દન મફત આપવામાં આવી રહી છે. આ સમગ્ર કેમ્પ દરમિયાન અંદાજિત ૨૫૦૦૦ લોકો લાભાન્વિત થશે.

આ મફત સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પમાં યુ.એસ.એ., કેનેડા, યુ.કે., ઓસ્ટ્રેલિયા, સિંગાપોર વગેરે એમ દેશ વિદેશના ૨૦૦ થી વધુ સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો જોડાયા છે, જેઓ પોતાના વર્ષોના અનુભવ અને જ્ઞાનનો લાભ આ ક્ષેત્રના લોકોને આપી સહાય કરી રહ્યા છે. કેમ્પની પુર્વ તૈયારી રૂપે ધરમપુર, કપરાડા, ડાંગ, આહવા, પારડી, વાંસદા આદિ ૭ તાલુકાના ૬.૫ લાખ લોકોમાં આ કેમ્પનો પ્રચાર અને સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે અગાઉથી જ ૨૦૦થી વધુ સર્જરીઓ યોજવામાં આવી હતી જે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના ૬ અત્યાધુનિક ઓપેરશન



થિએટરમાં નિષ્ણાત ડોક્ટરો દ્વારા કરવામાં આવી રહી છે. અત્યાર સુધી આ કેમ્પમાં ૧૫૦થી વધુ સર્જરીઓ થઇ ચુકી છે અને ૫૦૦૦થી વધુ સર્જરીઓ તથા અન્ય પ્રક્રિયાઓ જેમ કે સોનોગ્રાફી, એક્સ રે, એમ.આર.આઈ, સીટી સ્કેન વગેરેની નોંધણી કરાઈ છે જે કરવામાં આવશે.

અહીં વ્યાપક મફત સારવાર સેવાઓ આપવામાં આવી રહી છે જેમ કે જનરલ મેડિસીન, જનરલ સર્જરી, વિકલાંગ, પ્રસુતિ અને સ્ત્રીરોગ, બાળરોગ ચિકિત્સા, હૃદયરોગ, કેન્સર, કાન, નાક અને ગળું, ચામડીના રોગો, પ્રોસ્ટેટ, હાડકાના રોગ, નેત્રરોગ (મફત ચશ્મા આપવામાં આવશે), આંતરડા, કિડની, ફેફસાં, માનસિક રોગ, દાંતના રોગ, મગજની બીમારી (ન્યુરોલોજી) વગેરે. સાથે જ રેડિઓલોજી (સી.ટી.સ્કેન વગેરે), પેથોલોજી, તમામ પ્રકારની દવાઓ, ફિઝિયોથેરાપી, લોહીની તપાસ (એનિમિયા) વગેરે પણ ઉપલબ્ધ છે. પ્લાસ્ટિક સર્જરી, હૃદય રોગ અને કેન્સર સહીત અનેક સર્જરીઓ પણ કરવામાં આવી રહી છે.

આ સાથે કેમ્પના પ્રથમ દિવસે અહીં બે વિશિષ્ટ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું પહેલી એમ્બ્યુલન્સ 'ચશ્મા પ્રોજેક્ટ' માટે છે, જે દૂરના વિસ્તારોમાં ફરશે અને દર્દીઓની આંખની તપાસ કરી ચશ્મા આપશે. બીજી કાર્ડિયાક એમ્બ્યુલન્સ છે, જે હૃદયરોગના ગંભીર દર્દીઓને હોસ્પિટલ તરફ લઇ જતી વખતે રસ્તામાં તાત્કાલિક અને અત્યાધુનિક સારવાર પૂરી પાડશે. તેમજ 'પ્રોજેકટ શ્રુતિ' અંતર્ગત સાંભળવાની ક્ષતિ ધરાવતાં બાળકોમાં ઉચ્ચ ગુણવત્તાવાળા, આધુનિક ડિઝાઈનના હિઅરીંગ -એઇડનું વિતરણ પણ થઈ રહ્યું છે. આ ઉપરાંત ૩૦૦થી વધુ અલગ અલગ મેડિકલ સાધન સહાય જેવીકે નીઓમોશન ડિવાઇસ, અરાઇસ ચેર, કૃત્રિમ પગ, બાળકો માટેની વ્હીલ ચેર, સી.પી. ચેર, વોકર, લોઅર તેમજ અપર લીંબ વગેરે.

આ કેમ્પના પ્રેરણાદાતા અને માર્ગદ્રષ્ટા પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશજીની પાવન ઉપસ્થિતિમાં પ્રથમ દિવસે ધરમપુરના ધારાસભ્ય માનનીય શ્રી અરવિંદભાઈ પટેલ, વલસાડ ભાજપ પ્રમુખ માનનીય શ્રી હેમંતભાઈ કંસારા, વલસાડના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વિપુલભાઈ ગામીત તેમજ વલસાડ જિલ્લાના ટર્બ્યુકોલોસિસ હેલ્થ ઓફિસર ડો. હરજીત પાલ સિંહ પોતાની હાજરીથી આ સમાજસેવાના કાર્યને બિરદાવ્યું હતું. પૂજ્ય ગુરૂદેવશ્રી અને આ સર્વ મહાનુભાવોના શુભ હસ્તે દીપ પ્રાગટય કરી આ કેમ્પ નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

ગુજરાતના આરોગ્ય મંત્રી માનનીય શ્રી ઋષિકેશભાઈ પટેલે એક વિડિઓ દ્વારા પોતાની શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું કહ્યું હતું કે, શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલે આ કેમ્પ એવા વિસ્તારમાં યોજ્યો છે જ્યાં સૌથી વધારે ગરીબ અને આદિવાસી વસ્તી છે, ત્યાં આવો નિઃશુલ્ક મોટો કેમ્પ યોજી શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર જે પ્રકારની સેવા કરી રહ્યું છે તે ખુબ સરાહનીય છે. હું પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશજીને વંદનસહ અભિનંદન પાઠવું છું.

# સૌરાષ્ટ્ર અને કચ્છમાં વીજચોરીમાં જામનગરને પ્રાપ્ત થયો બીજો ક્રમ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં વિજ ચોરી પકડવા માટે છેલ્લા ૯ મહીનાથી અભિયાન હાથ ધરાયું છે જેમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં જામનગર બીજા નંબરે આવ્યું છે, નવ મહીનામાં કુલ ૨૦૫ કરોડની વિજ ચોરી પકડાઇ જેમાં જામનગર જિલ્લામાં ૭૪.૨૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

જાણવા મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાક સમયથી રેસ્ટોરન્ટ, હાઇવે હોટલ, ઘર કનેકશન, ખેતીવાડી કનેકશનમાં પીજીવીસીએલ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતાં



અને સમગ્ર સૌરાષ્ટ્રમાં ૫૦૦થી વધુ ચેકીંગ ટુકડીઓએ ૩૮૫૦૬૨ વિજ કનેકશનોની ચકાસણી કરી હતી જેમાં ૬૪૭૧૫ સ્થળોએ વિજ ચોરી પકડાઇ હતી, ડાયરેકટ લંગરીયા, મીટરમાં ચેડા, સીધુ કનેકશન તેમજ અન્ય રીતે વિજ ચોરી કરવામાં આવી હતી અને આ વિજ ચોરી પકડવામાં જામનગર બીજા સ્થાને રહ્યું હતું.

જામનગર શહેરમાં બેડી, જોડીયા ભુંગા, કાલાવડ નાકા, પાણાખાણ, ગરીબનગર, તારમામદ સોસાયટી, ખોડીયાર કોલોનીનો કેટલોક વિસ્તાર, દરેડ જીઆઇડીસી સહિતના વિસ્તારોમાં અવારનવાર વિજ ચોરી પકડવા અભિયાન હાથ ધરવામાં આવે છે, જયારે પીજીવીસીએલની ટીમ દ્વારા સતત વ્યાપક દરોડા પાડવામાં આવે છે, આમ જામનગર જિલ્લામાં પીજીવીસીએલની ટીમોએ છેલ્લા ૯ મહીનામાં વ્યાપક દરોડા પાડયા છે.

# મોરબીમાં બિઝનેશ ટાયકુન દ્વારા વિદ્યાર્થિનીઓને વ્યવસાયીક શિક્ષણ અપાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની પીએમશ્રી પ્રધાનમંત્રી રાઈઝિંગ સ્કૂલ ઓફ ઈન્ડિયા માટે પસંદ થયેલ માધાપરવાડી કન્યા શાળા અનેકવિધ પ્રવૃત્તિઓ માટે જાણીતી છે ત્યારે વધુ એક પ્રવૃત્તિ બિઝનેસ ટાયકુન દ્વારા વિદ્યાર્થીનીઓને વ્યવસાયિક શિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં ધો.૬ થી ૮ માં અભ્યાસ કરતી બાળાઓએ પોતે જાતે બનાવેલી પાણીપુરી, દાબેલી, ભેળ,ચાટ,ફ્રૂટ ડિશ,શરબત,લસ્સી ટોસ્ટર સેન્ડવીચ, મશાલા ખાખરા, દહીં પુરી, ટેસ્ટફૂલ પૌઆના વડા જેવી અનેકવિધ વસ્તુ બનાવી ખાણી પીણી સ્ટોલ કર્યા હતા. સ્ટોલના વિવિધ નામો જેવા કે છ.ઊં. ચણા ચાટ,લક્કી ભેળ, શિવ બેકરી નામ રાખ્યા હતા. અને અન્ય બાળાઓ







તેમજ માધાપરવાડી કુમાર શાળાના વિદ્યાર્થીઓએ પોતાના ખિસ્સા ખર્ચીના રૂપિયામાંથી વસ્તુઓ ખરીદી આરોગી હતી,સ્ટોલ કરનાર બાળાઓએ પોતે જે જે વસ્તુ લાવ્યા હતા એનો હિસાબ રાખ્યો હતો અને વેચેલા માલનો હિસાબ રાખ્યો હતો,એમાંથી કેટલો નફો થયો તેનો હિસાબ રાખ્યો હતો. જેને સૌથી વધુ નફો કર્યો હોય અને સૌથી વધુ વકરો વેપાર કર્યો હોય એનું પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.કુલ સિત્તેર જેટલી બાળાઓએ ૩૦ જેટલી વિવિધ વાનગીઓ બનાવી હતી અને બિઝનેસ ટાયકુનનો લાભ બંને શાળાના ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ લીધી હતો. કાર્યક્રમ સફળ બનાવવામાં શાળાના તમામ સ્ટાફે ખુબજ જહેમત ઉઠાવી હતી.

# મોરબી તાલુકાના આમરણ ગામ ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના વધામણાં કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ભ્રમણ કરી રહી છે. ગ્રામજનોને પોતાના ઘરઆંગણે જ આ યાત્રા થકી સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓની માહિતી તથા લાભ મળી રહ્યાં છે. ત્યારે મોરબી તાલુકાના આમરણ ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાના વધામણાં કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આમરણ ગામ ખાતે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને લાભોનું વિતરણ કરાયું હતું. ઉપરાંત લાભાર્થીઓએ ''મેરી



કહાની, મેરી ઝુબાની'' થીમ હેઠળ પોતાને મળેલા યોજનાકીય લાભો વિશેના પ્રતિભાવો રજૂ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ રથના માધ્યમથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો વિડીયો સંદેશ નિહાળ્યો હતો. ઉપસ્થિત ગ્રામજનોએ ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.

આ કાર્યક્રમ અન્વયે ખેડૂત મિત્રોને અધ્યતન ખેતી પદ્ધતિમાં ઓછા ખર્ચે અને નેનો યુરિયા ખાતરનો સરળતાથી છંટકાવ કરતા ડ્રોન ટેકનોલોજી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે આમરણ ગામને ૧૦૦ ટકા નળ જોડાણ માટે સન્માન પત્ર આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ સ્થળે પોષણયુકત આહારનું નિદર્શન સ્ટોલ, આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ, ઉજ્જવલા યોજના, વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન બાળકોએ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તેમજ રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડે તેવા સંદેશાઓ આપતું 'ધરતી કહે પુકાર કે.' નાટક રજૂ કર્યું હતું. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમનો આમરણનાં ગ્રામજનોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

# જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂા.૨૬.૧૦ કરોડના વિકાસ કામોને બહાલી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગર- પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન ના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કુલ રૂા. ૨૬ કરોડ, ૧૦ લાખના કુલ ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. બેઠકમાં બાર સભ્યો ઉપરાંત મેયર, ડે. મેયર, મ્યુનિ. કમિશનર ડી. એન. મોદી, નાયબ કમિશનર વાડ.ડી. ગોહિલ, સિટી ઈજનેર ભાવેશ જાની, આસિ. કમિશનર.વહીવટ.કોમલબેન પટેલ અને ટેક્સના જિજ્ઞેશ નિર્મલ ઉપસ્થિત રહ્યા હતા.શ્રાવણી મેળા દરમ્યાન પ્રદર્શન મેદાનમાં બનાવેલ સ્ટેજ-મંડપ માટે રૂા. ૨૮.૮૦ લાખ નો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. શુભમ રેસિડેન્સીથી ટીટોડીવાડી રોડના સેન્ટ્રલ લાઈટિંગ વર્ક માટે રૂા. ૩૦.૨૩ લાખ તથા હાપા માર્કેટ યાર્ડથી રાધિકા ઈન્ટરનેશનલ સ્કૂલ રોડ પર સેન્ટ્રલ લાઈટિંગ માટે રૂ. ૧૮.૧૮ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. પંપ હાઉસમાં સોલાર રૂફટોપ રૂ. ૧૬.૫૬ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે, ભૂગર્ભ ગટર શાખા માટે હાઈડ્રોજેટિંગ મશીન (૨૦૦૦ લિ. કેપેસિટી) ચાર નંગ માટે રૂ.૧૦૪ લાખ તથા ૬૦૦૦ લિટરવાળા ૪ નંગ મશીન ખરીદી માટે રૂ. ૧૪૩ લાખ ૬૩ હજારનો ખર્ચ મંજૂર કરાયો, સોલિડ વેસ્ટ શાખા માટે એક્સકેવેટર (પોકલેન મશીન) ખરીદીની દરખાસ્ત અન્વયે રૂ. ૫૫ લાખ ૬૮ હજારનો ખર્ચ મંજૂર કરાયો હતો. જ્યારે ભૂગર્ભ ગટર શાખા માટે જ સુપર સકર મશીન ૪ નંગ ખરીદી માટે રૂ. ૨૦૩.૮૮ હજારનો ખર્ચ મંજૂર કરાયો હતો. તથા મોબાઈલ ટોઈલેટ (મૂવેબલ પબ્લિક સેનેટરી ફેસેલિટી) ખરીદી માટે રૂ. ૨૯ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.ભૂગર્ભ બોક્સ ગટરની સફાઈ



કામગીરી પાવર બકેટ મશીન દ્વારા કરવાની દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી છે. બેડી વિસ્તારના શેલ્ટર હોમના ઓપરેશન એન્ડ મેન્ટેનેન્સ માટે ૭.૯૯ લાખ તથા હાપા વિસ્તારના શેલ્ટર હોમના ઓપરેશન એન્ડ મેન્ટેનેન્સ માટે ૯.૯૯ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.પીએમ ઈ-બસ સેવા અંતર્ગત ઈ-બસ ડેપો, ઈ-બસ ચાર્જીંગ સ્ટેશન, ઈલેકટ્રીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી કરવા અંગે આર્કિટેક્ચર ડિઝાઈન તથા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી અનુસંધાને કન્સલ્ટન્ટની નિમણૂક કરવા રૂા. ૨૩.૪ લાખનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો. જામનગર મહાનગર-પાલિકા વિસ્તારમાં જીઆઈએસ બેઝ એપ્લિકેશનના કામે ઓપરેશન મેન્ટેનેન્સના દરખાસ્ત અન્વયે રૂા. ૬.૭૮ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો. સોશિયલ ડેવલપમેન્ટ સ્પેશિયાલિસ્ટ અને એમઆઈએસ સ્પેશિયાલિસ્ટની જગ્યાના કોન્ટ્રાક્ટ બેઇઝની નિમણૂક માટેની દરખાસ્ત માટે ૧૧ માસની મુદ્દત વધારવામાં આવી હતી. વોટર વર્કસ શાખાના મીટર રીડરને પેટ્રોલ એલાઉન્સ તથા આઉટડોર ડ્યુટી કર્મચારીને પેટ્રોલ એલાઉન્સ આપવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. સ્ટ્રેન્ધનીંગ ઓફ ગટર વર્કસના કામ અન્વયે વોર્ડ નં. ૨-૩-૪ માટે ૫ લાખ, વોર્ડ નં. ૮-૧૫-૧૬ માટે ૭ લાખ, તથા વોર્ડ નં. ૯-૧૩-૧૪ માટે રૂા. ૭ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો.વોર્ડ નં. ૧૦-૧૧-૧૨ માં પાણીની લાઈન ખોદવામાં આવેલ ટ્રેન્ચ તથા જુદી-જુદી કંપની દ્વારા ઓપ્ટિકલ ફાઈબર કેબલ તથા ઈલેક્ટ્રીક કેબલ વગેરેના લેઈંગના ટ્રેન્ચમાં સીસી ચિરોડાના કામ માટે રૂા. ૨૨.૩૬ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.વોર્ડ નં. ૫-૯-૧૩-૧૪ માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફિક વર્કસ માટે રૂા. ૩.૫ લાખ ખર્ચ મંજૂર કરાયો છે.વોર્ડ નં. ૫-૯-૧૩-૧૪માં આંગણવાડી બનાવવા માટે રૂા. ૧૧૪.૫૦ લાખ, વોર્ડ નં. ૧-૬-૭માં આંગણવાડી બનાવવાના કામ માટે રૂા. ૮૨.૫૯ લાખના ખર્ચને મંજૂર કરાયો હતો. તથા વોર્ડ નં. ૮-૧૫-૧૬ માં આંગણવાડી બનાવવા માટે રૂા. ૭૧.૭૭ લાખનું ખર્ચ મંજૂર કરાયું છે. વોર્ડ નં. ૧૦-૧૧-૧૨માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ બ્રીજ માટે રૂા. ૫ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે.વોર્ડ નં. ૮-૧૫-૧૬ માં સ્ટ્રેધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસના કામ માટે રૂા. ૪ લાખ, વોર્ડ નં. ૫-૯-૧૩-૧૪ ને સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશનના કામ માટે રૂા. ૫ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે. અને વોર્ડ નં. ૧૦-૧૧-૧૨ માટે પણ રૂા. ૫ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે. વોર્ડ નં. ૧૨માં ખાનગી સોસાયટી, ગુજરાત હાઉસિંગ બોર્ડની વસાહત તથા અન્ય રહેણાક વિસ્તારમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાની વિકાસ યોજના અન્વયે સીસી રોડ. સીસી બ્લોક ના કામ માટે રૂા. ૨૨.૮૬ લાખ ના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે.વોર્ડ નં. ૫માં સોઢા સ્કૂલના પુલિયાથી નજીકની શેરીમાંથી પસાર કરી ઝઘડિયા પુલ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામ માટે રૂા. ૨૧૩ લાખનો ખર્ચ મંજૂર કરાયો છે.ડિઝાઈન, સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ, કમિશનિંગ વર્કસ ઓફ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ એસેસમેન્ટ વિથ સ્કાડા ઈન્કલુડિંગ ઈલેક્ટ્રો મિકેનિકલ વર્કસ ઓફ એક્ઝિસ્ટિંગ વેરિયસ સોર્સ, ફિલ્ટર પ્લાન એન્ડ ઈએસઆર ઈન્કલુડિંગ કન્ટ્રોલિંગ એન્ડ મોનિટરિંગ ઓફ એન્ટાયર ઓટોમેશન સિસ્ટમ વિથ ફાઈવ યર્સ ઓફ ઓપરેશન એન્ડ મેન્ટેનેન્સના કામ માટે રૂા. ૧૨૬૬ લાખ ૭૩ હજારના ખર્ચને મંજૂરી અપાઈ હતી.નવ નિયુક્ત નાયબ કમિશનર વાય. ડી. ગોહિલને અધિકારી અને પદાધિકારીઓ દ્વારા આવકારીને સ્વાગત કરાયું હતું. જ્યારે નિવૃત્ત થતાં વશરામભાઈ પરમાર તથા લાભશંકરભાઈ જોશીનું પણ સન્માન કરાયું હતું.પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલ આવાસના ડ્રો પછી ખાલી રહેલ આવાસો અન્વયે પાંચ યોજનામાં ૧૫૪ ખાલી આવાસો માટે ૨૮૯ અરજીનો કોમ્પ્યુટરાઈઝ ડ્રો કરી ફાળવણી કરવામાં આવી હતી.

# નાના મવા રોડ પર સિલ્વર ગોલ્ડ રેસીડેન્સીમાં જુગાર કલબ ઝડપાઈ

## હાર્ડવેરનો વેપારી ભાડાના મકાનમાં જુગારનો અખાડો ચલાવતો હતોઃત્રણ મહિલા સહિત સાત ઝડપાયા



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે નાના મવા રોડ પર આવેલ ભીમનગર ચોક પાસે સિલ્વર ગોલ્ડ રેસીડેન્સીમાં ચાલતી જુગાર કલબ પર તાલુકા પોલીસે દરોડો પાડી જુગાર રમતી ત્રણ મહિલા સહિત સાત શખ્સોની ધરપકડ કરી. રૂા.૧૭,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ તાલુકા પોલીસના પીઆઈ વી.આર.પટેલની સુચનાથી પીએસઆઈ જે.જે.માઢક હેડ કોન્સ્ટેબલ મહાવીસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી. કે નાના મવા રોડ પર આવેલ સિલ્વર ગોલ્ડ રેસીડન્સીમાં ભાડાનું મકાન રાખી રોનક મહેશ મોરી નામનો હાર્ડવેરનો વેપારી બારથી માણસો બોલાવી જુગારના સાધનો પૂરા પાડી પોતાના આર્થિક લાભ માટે જુગારનો અખાડો ચલાવતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા જુગાર રમતો રોનક મહેશ મોરી, સણોસરા વિષ્ણુ જેન્તી નાંદપરા, આસ્થા સોસાયટીમાં રહેતો અનિલ પ્રેમજી લાલાણી, ચિભડા ગામે રહેતો ખોડા ટપુ સિયાઝ, રોનકની પત્ની ક્રિષ્ના, મેટોડા અંજલી પાર્કમાં રહેતી મિતલ ઉર્ફે, હેતલ ભુપત વાઘેલા તથા મનિષા મયુર પરમાર સહિત સાત શખ્સોની ધરપકડ કરી. રૂા.૧૭,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પ્રદ્યુમનપાર્ક ઝુની મુલાકાત લેતાં રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

## રાજકોટ ખરા અર્થમાં વિકાસ કરી રહ્યું છે, રોડ-રસ્તા અને રમણીય સ્થળ રાજકોટના વિકાસને પ્રદર્શિત કરે છે...-ઋષિકેશભાઈ પટેલ






**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યના આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈદ્યાનિક અને સંસદીય બાબતો વિભાગના કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ આજે તા.૦૬-૦૧-૨૦૨૪ના રોજ રાજકોટનાં પ્રવાસે આવેલ. આ દરમ્યાન તેમણે રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પ્રદ્યુમન પાર્ક ઝૂની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ દરમ્યાન મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્યઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રીશ્રી અશ્વિનભાઈ મોલિયા, બાગ બગીચા સમિતિ ચેરમેન સોનલબેન સેલારા, કોર્પોરેટરો પરેશભાઈ પીપળીયા, મંજુબેન કુંગશીયા, દેવુબેન જાદવ, શિક્ષણ સમિતિના સભ્ય વિરમભાઈ રબારી, વોર્ડ નં.૬ના પ્રમુખ અંકિતભાઈ દુધાત્રા, વોર્ડ મહામંત્રી અનિલભાઈ ચૌહાણ અને હરેશભાઈ ધંધુકિયા, અગ્રણી ઘનશ્યામભાઈ કુંગશીયા, દિગુભા ગોહિલ, મનસુખભાઈ જાદવ, રાજુભાઈ પાટડીયાતેમજ રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ઝૂની મુલાકાત દરમ્યાન કેબિનેટ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજકોટ ખરેખર વિકાસ તરફ હરણફાળ ભરી રહ્યું છે. રાજકોટનો ખરા અર્થમાં વિકાસ દેખાય છે, રોડ-રસ્તા, પાણી, ગટર વગેરે જેવી બાબતોની સાથોસાથ શહેરનો ઝડપી વિકાસ થાય તે દિશામાં થઇ રહેલી કામગીરી નજરે દેખાય છે. ઈન્ટરનેશનલ એરપોર્ટ, અઈઈખજ, આધુનિક બસ પોર્ટ, રામવન જેવા નજરાણા રાજકોટને મળ્યા છે.-માન.મંત્રીશ્રીએ ઉપસ્થિત મહાનુભાવોની સાથે ઇલેક્ટ્રિક વાહનોમાં બેસી પ્રદ્યુમન પાર્ક ઝૂની અંદર ભ્રમણ કરી પ્રાણી સંગ્રહાલય અંગે પદાધિકારીઓ અને અધિકારીઓ પાસેથી વિસ્તૃત માહિતી મેળવી હતી.

# રાજકોટ મહાનગરપાલીકા દ્વારા મ્યુનિસિપલ બોન્ડ બહાર પાડી રૂા.૧૫૦ કરોડનું ભંડોળ ઉભુ કરાશે

## સોમવારે રાજકોટ મહાનગરપાલીકાની સ્ટે.કમિટીની બેઠક મળશેઃસ્ટેન્ડીંગ સમક્ષ અધધ... ૬૩ દરખાસ્ત મુકાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી સોમવારે રાજકોટ મહાનગરપાલીકાની સ્ટે.કમિટીની બેઠક ચેરમેન જૈમીન ઠાકરની અધ્યક્ષતામાં મળશે આ સ્ટે.કમિટીની બેઠક સમક્ષ જંબો દરખાસ્ત રાખવામાં આવી છે. કુલ ૬૩ દરખાસ્તો પર કમિટી દ્વારા ચર્ચા વિચારણા કરવામાં આવશે. ખાસ કરીને રામવનનાં સામાન્ય નીતિ નિયમો અને પ્રવેશ શુલ્ક નક્કી કરવાના નિર્ણય પર મહોર મરાશે. આ સાથે મહાનગરપાલીકા દ્વારા બોન્ડ બહાર પાડીને તેના મારફત રૂા.૧૫૦ કરોડનું ભંડોળ ઉભુ કરવાની દરખાસ્ત પણ મુકાય છે. આ સિવાય રાજકોટના પ્રાણી ઉદ્યાન મુલાકાતી પ્રવેશ સુલ્કમાં સુધારો કરવા અંગે નિર્ણય લેવાશે. વધુમાં સ્નાનાગાર સભ્ય પદના ફીનાદરો રિવાયજડ કરવાની દરખાસ્તમાં પણ મુકાય છે.


રેસકોર્સ સંકુલમાં ફૂટબોલ ગ્રાઉન્ડ અને હોકી ગ્રાઉન્ડ વચ્ચે પબ્લીક ગેલેરી બનાવવાની દરખાસ્ત મુકાય છે. મહાનગરપાલીકાની હદમાં આવેલ ટીપીસ્કીમમાં આવેલ અનામત પ્લોટમાં પેટ્રોલ પંપ બનાવવા માટે જમીન વેંચાણથી આપવાની દરખાસ્ત પર પણ નિર્ણય લેવાશે. આ સિવાય રસ્તાના સમાર કામ પેવીંગબ્લોક તેમજ અન્ય દરખાસ્તો પણ મુકાય છે. માધવરાવ સિંધયા ક્રિકેટ ગ્રાઉન્ડમાં સિમેન્ટ વિકેટ પર પ્રેકટીસ માટે એકેડમીને એક વર્ષ ફાળવવાનો નિર્ણય સ્ટેન્ડીંગ કરશે.

# ધ્રાંગધ્રા વિદેશી દારૂ ભરેલી કાર સાથે રાજસ્થાની શખ્સની ધરપકડઃ એક ફરાર

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકના પીએસઆઈ આર. જે.જાડેજા સહિતની ટીમને પેટ્રોલિંગ દરમિયાન કચ્છના કક્કક રણમાં આવેલા વાછડાદાદાના મંદીર તરફથી નીમકનગર બાજુ દારૂ ભરેલી કાર આવતી હોવાની બાતમી મળી હતી. આથી પોલીસે નીમકનગર પાસે વોચ રાખી હતી. જેમાં શંકાસ્પદ આઈ-૨૦ કાર આવતા તેને રોકવાની કોશીષ કરતા ચાલકે કાર મારી મુકી હતી. આથી પોલીસે પીછો કરતા કાર કુડા થઈને વિરેન્દ્રગઢ તરફ ભાગી હતી અને રસ્તામાં એક રાહદારીને અડફેટે લીધો હતો. જયારે વિરેન્દ્રગઢ ગામ પાસે રસ્તો બ્લોક કરાતા કાર ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો. પોલીસે ડ્રાઈવરની બાજુમાં બેસેલા શખ્સ રાજસ્થાનના મુકેશ રૂગનાથરામ બીશ્નોઈને દારૂની ૩૯૪ બોટલ સાથે ઝડપી લીધો હતો.

# ગોંડલ રોડ પર જાહેરમાં મારામારી કરનાર એકટીવા ચાલક અને સિટી બસના ચાલકની ધરપકડ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ પર બોમ્બે હોટલ પાસે સિટી બસચાલક અને એક્ટિવા ચાલક વચ્ચે જાહેરમાં ! ) જાહેરમાં મારામારી કરી રહ્યા હતા જે મામલે ભક્તિનગર પોલીસ દ્વારા કાર્યવાહી કરી બંનેની ધરપકડ કરી છે. વિગતો મુજબ ગઈકાલે સોશિયલ મીડિયામાં એક વીડિયો વાઇરલ થયો હતો જેમાં શહેરના ગોંડલ રોડ પર બોમ્બે હોટલ પાસે સિટી બસના ચાલક અને એકટીવા ચાલક વચ્ચે કોઈ બાબતે માથાકૂટ થયા બાદ જાહેરમાં બંને વચ્ચે મારામારીના પગલે ભક્તિનગર પોલીસ દ્વારા તપાસ કરતા જાહેરમાં મારામારી કરનાર રેલનગરમાં રહેતો ભગીરથસિંહ અનિરુદ્ધસિંહ ઝાલા અને જગનાથ પ્લોટ માં રહેતા જીતુભાઈ જોરસીંગ ગોહિલ હોવાનું જાણવા મળતા ભક્તિનગર પોલીસ દ્વારા બંને શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ કરવામાં આવી છે.

# વ્યાજખોરોના ત્રાસથી કંટાળી વેપારીએ મોરબી એસ.પી. કચેરીએ વખ ઘોળ્યુ

## વાંકાનેરના વેપારીને વ્યાજના વિષચક્રમાં ફસાવી વ્યાજખોરોએ જમીન, કાર પડાવી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેરના મહિકા ગામે રહેતાં અને ખેતીવાડી સાથે આયુર્વેદિક દવાનો વેપાર કરતાં ઇમ્મુદ્દીન હબીબભાઈ બાદી ઉ.૪૦ નામના વેપારીએ મોરબી એસપી ઓફિસ બહાર ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

વ્યાજખોરીમાં ફસાયા બાદ ન્યાય ન મળતા આ પગલુ ભર્યાનું જણાવ્યું હતું. બનાવ અંગે મોરબી પોલીસને જાણ કરવામાં આવી હતી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરનાર વેપારીએ આક્ષેપ કરતાં જણાવ્યું હતુ.

કે પોતાને મહિકામાં ખેતીની આઠ વીઘા જમીન છે પોતે અમદાવાદના કોઈ વ્યકિત પાસેથી ખેતીની જમીન ઉપર ૩૮ લાખ વ્યાજે લીધા હતાં. જેની સામે ૧૮ લાખ ચુકવી દીધા હતાં. પરંતુ બાદમાં લોકડાઉન આવી જતાં ધંધો ભાંગી પડયો હતો અને વ્યાજ ચુકવી શક્યો નહોતો એ પછી વ્યાજખોરોએ કડક ઉઘરાણી શરૂ કરી ૯૦ લાખની જમીન બારોબાર વેંચી નાંખી હતી.

પોતાને જમીનમાં પણ પ્રવેશવા દેતા ન હોય તેમજ મારીને કુવામાં નાખળી દેવાની ધમકી દીધી હોવાનો આક્ષેપ કર્યો હતો આ ઉપરાંત બાર લાખની કાર પણ પડાવી લીધાનો આક્ષેપ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે જોકે અગાઉ ફરીયાદ નોંધાઈ હોવાનું અને આરોપી પણ પકડાઈ ગયાનું જાણવા મળ્યુ છે.

# વાંકાનેરના જાલીડા ગામે ૮૦૦૪ બોટલ દારૂ ભરેલું ટેન્કર ઝડપાયુંઃ રૂા.૫૮ લાખનો મુદ્દામાલ કબ્જે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર તાલુકાના જાલીડા ગામે એલ.સી.બી. પોલીસની ટીમે ચોક્કસ બાતમીના આધારે દરોડા પાડ્યા હતા જ્યાં ઇંગ્લિશ દારૂની પેટીઓ ઝડપાઈ હતી. આ ઉપરાંત ગેસ ટેન્કર અને બે બોલેરો સહિત પોલીસે કુલ રૂપિયા ૫૮ લાખથી વધુના મત્તાને જપ્ત કર્યો હતો. જ્યારે ઘટનાસ્થળે આરોપી હાજર મળી ન આવતા તેને ઝડપવા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવની મળતી વિગતો અનુસાર, એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, વાંકાનેર તાલુકાના જાલીડા ગામની સીમમાં દ્વારકાધીશ હોટલ પાછળ પડતર ખરાબા, ખાણ વિસ્તારમાં ગેસ ટેન્કરમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો મંગાવી નાના વાહનોમાં ભરી હેરાફેરી કરી ઇંગ્લીશ દારૂનું કટીંગ કરવામાં આવે છે. આ બાતમીના આધારે એલ.સી.બી. પોલીસની ટીમે ઘટનાસ્થળે દરોડા પાડ્યા હતા.

ગેસ ટેન્કર, બોલેરો નંગ-૦૨ તથા ઇંગ્લીશ દારૂની પેટીઓ નંગ-૬૬૭માં અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૮૦૦૪ કિંમત રૂપિયા ૩૨ લાખથી વધુ અને અન્ય મુદ્દામાલ મળી કુલ કિંમત રૂપિયા ૫૮ લાખથી વધુનો મુદામાલ મળી આવ્યો હતો. , જ્યારે આરોપી ઘટનાસ્થળે હાજર ન હતો. જેથી એલ.સી.બી. પોલીસે મુદ્દામાલ જપ્ત કરીને આરોપી વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથક ખાતે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# જેતપુર માર્કેટ યાર્ડમાં ચણાનો વિક્રમી ભાવ આવતાં ખેડૂતોમાં ખુશીનો માહોલઃ ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાની હાજરી





**મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા**


ધારાસભ્ય જયેશભાઇ રાદડીયાના માર્ગદર્શન હેઠળ કાર્યરત જેતપુર માર્કેટીંગ યાર્ડ સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલ ખેડુતભાઇઓ માટે સુવીધાયુકત નવી સીઝનમાં જેતપુર વિસ્તારમાં તેમજ આજુબાજુના તાલુકાના વિસ્તારમાં ચણાનું વાવેતર ખુબજ મોટા વિસ્તારમાં થયેલ હોય જેથી ખુબ સારી કવોલીટીમાં ચણાનું ઉત્પાદન ચાલુ થયેલ છે. આજ રોજ જેતપુર માર્કેટ યાર્ડ ખાતે નવા ચણાની આવકના શ્રીગણેશ થયેલ. ચેરમેનશ્રી જયંતીભાઇ હીરપરા, વા.ચેરમેનશ્રી હરેશભાઇ ગઢીયા, તથા યાર્ડના ડિરેકટરશ્રીઓ તેમજ યાર્ડના સેક્રેટરીશ્રી વી.વી. રૂપારેલીયા તેમજ યાર્ડના અગ્રણી વેપારીઓ તથા તમામ ખેડુતભાઇઓની હાજરીમાં શ્રીફળ વધેરી નવા ચણાની હરાજી કરેલ. ખેડૂતશ્રી નરસીભાઇ શામજીભાઇ શીંગાળા મોજે ચારણીયા તા.જેતપુરના માર્કેટ યાર્ડની સતનામ ટ્રેડીંગ કુ. માં આવેલ નવા ચણા આજરોજ ભાવ પ્રતી ૨૦ કિ.લો. ના રૂા.૪૫૫૧/- ના ઊંચામાં વિક્રમી ભાવે ચંદન સેલ્સ એજન્સીએ ખરીદ કરેલ. નવા ચણાની હરરાજીમાં જેતપુર યાર્ડના વેપારીઓએ ખુબજ ઉત્સાહીત ભાગ લઇ ચણા ઉચ્ચતમ ભાવોએ ખરીદી કરેલ જેનાથી ખેડુતભાઇઓએ ખુશી વ્યકત કરેલ.

જેતપુર માર્કેટ યાર્ડમાં નવા ચણાની આવકો શરૂ થતા પ્રથમ દિવસે ૨ ક્વિન્ટલની આવકો થતા તેની વધામણીમાં માનનિય ધારાસભ્યશ્રી જયેશભાઇ રાદડીયા તથા માર્કેટ યાર્ડના ચેરમેનશ્રી જયંતીભાઇ હીરપરા, વેપારી એસોસીએશને તથા દલાલ મંડળે તેમજ માર્કેટ યાર્ડના સેક્રેટરીશ્રીએ ખેડૂતોભાઇઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

વધુમાં ચેરમેનશ્રી તથા વા.ચેરમેનશ્રીએ ચણાની ખેતી કરતા ખેડુતોભાઇઓને ચણાનું ઉત્પાદન થતા જેતપુર માર્કેટ યાર્ડમાં વેચાણ માટે ચણા લઈ આવવા વિનંતી કરેલ.

# ટંકારાના ધુનડા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથને ઉત્સાહભેર આવકારતા ગ્રામજનો






**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**ટંકારાઃ** રાજ્યભરમાં ચાલી રહેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અનવ્યે મોરબી જિલ્લામાં ટંકારા તાલુકાના ધુનડા(ખા.) ગામે રથનું આગમન થયું હતું. જ્યાં ગામમાં ઉત્સાહભેર રથને આવકાર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધુનડા(ખા.) ના ગ્રામજનો અને સૌ ઉપસ્થિતોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકોર્ડ કરેલો વિકસિત ભારત સંકલ્પ અન્વયે પ્રજાજોગ સંદેશો સાંભળી પ્રદર્શન નિહાળ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓએ તેમને મળેલ લાભની મેરી કહાની મેરી જુબાની અંતર્ગત વાત કરી હતી. ઉપરાંત ગ્રામ પંચાયતને ઓ.ડી.એફ. પ્લસ મોડેલ વિલેજ જાહેર કરી પ્રમાણપત્ર એનાયત કર્યુ. આ ઉપરાંત ૧૦૦% નળ જોડાણની સિદ્ધિ માટે પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ ના સ્વપનને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા. કાર્યક્રમ સ્થળે પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, આરોગ્ય વિભાગ દ્વારા વિનામૂલ્યે આરોગ્યની તપાસ, ઉજ્જવલા યોજના, વગેરે વિભાગની યોજનાઓ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ અન્વયે ખેડૂત મિત્રોને અધ્યતન ખેતી પદ્ધતિમાં ઓછા ખર્ચે અને નેનો યુરિયા ખાતરનો સરળતાથી છંટકાવ કરતા ડ્રોન ટેકનોલોજી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી વિપુલભાઈ શેરશિયા, અગ્રણી સર્વશ્રી વસંતભાઈ માંડવીયા, નથુભાઈ કડીવાર, સંજયભાઈ ભાગીયા, તેમજ સરકારી વિભાગના અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓ સહિત ધુનડા(ખા.) ગામના આગેવાનો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં રિક્ષામાં વૃદ્ધની નજર ચૂકવી ગઠિયાઓએ 30 હજાર સેરવી લીધા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષના વૃદ્ધની નજર ચૂકવી રિક્ષા ગેંગે ૩૦ હજાર સેરવી લીધાની ઘટના સામે આવી છે. વૃદ્ધ જામનગરની મુખ્ય પોસ્ટ ઓફિસમાંથી પોતાની બચતના ૩૦ હજાર રૂપિયા ઉપાડીને ઘેર પરત ફરી રહ્યા હતા, આ દરમિયાન ચાલુ રિક્ષામાં વૃદ્ધની નજર ચૂકવી ખિસ્સામાંથી ૩૦ હજાર સેરવી લેતાં વૃદ્ધે પોલીસ ફરિયાદ નોંધાવી છે.આ બનાવની વિગત એવી છે કે, જામનગરના ગોકુલ નગરવિસ્તારમાં શાયોના શેરી નંબર -૪ માં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા પરસોત્તમભાઈ જેઠાભાઈ માંડવીયા નામના ૮૦ વર્ષના વૃદ્ધ મુખ્ય પોસ્ટ ઓફિસે પોતાના બચતના નાણા ઉપાડવા માટે હતા. માંડવી ટાવરથી રિક્ષામાં બેઠા પછી તેઓ પોતાના ઘેર પહોંચ્યા હતા. આ દરમિયાન ખિસ્સામાંથી રૂપિયા ૩૦ની રકમ ગાયબ થઈ હોવાનું જાણવા મળ્યું હતું, તેથી પરસોત્તમભાઈ માંડવીયા તુરંત જ જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં પહોંચ્યા હતા અને ચાલુ રિક્ષામાં પોતાના ખિસ્સામાંથી રોકડ ગાયબ થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું.જેના અનુસંધાને સીટી એ. ડિવિઝન પોલીસે માંડવી ટાવરથી લઈને આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાઓ ચકાસીને એક રિક્ષા તેમજ રિક્ષામાં બેઠેલા બે અન્ય મુસાફરો સહિતના ત્રણ શકમંદોને ઉઠાવી લીધા છે અને આગળની તપાસ હાથ ધરી છે.

# રામનગરમાં બ્લેક મેઈલીંગનો ભોગ બનનાર કારખાનેદારનો ગળાફાંસો ખાઈ આપઘાત

## પુત્ર સાથે પ્રેમ સંબંધ ધરાવતી યુવતીના પરિવારજનોએ બ્લેક મેઈલીંગ કરી રૂા.૧૦ લાખ પડાવ્યા બાદ વધુ ૨૫ લાખ ની માંગ કર્યાનો સ્યૂસાઈડ નોટમાં ઉલ્લેખ

**મુખ્ય સમાચાર રાજકોટ**

નીલકંઠ પાર્કમાં રહેતા વેપારીએ થોરાળા નજીક આવેલ રામનગરમાં ઘડિયાળના કારખાનામાં ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા પોલીસે તપાસ કરતા તેની પાસેથી સ્યૂસાઈડ નોટ મળી આવી હતી જેમાં તેના પુત્ર સાથે સંબંધો ધરાવતી યુવતીના પરિવારજનો બ્લેક મેલીંગ કરી મારકૂટ કરતા હોય આ પગલુ ભરી લીધાનો ઉલ્લેખ કરતા પીઆઈ જનકાંત સહિતના સ્ટાફે કરવા મજબુર કરનાર શખ્સો સામે ગુનો નોંધવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ નીલકંઠ પાર્કમાં રેતા સુરેશભાઈ માવજીભાઈ ટીંબડીયા (ઉ.વ.૫૦)એ રામનગરમાં પોતાના કારખાનામાં ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા થોરાળા પોલીસે તપી હાથ ધરી હતી.



પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું પોલીસની વધુ તપાસમાં પુત્રને કોઈ યુવતી સાથે પ્રેમસંબંધ હોય તેના પરિવારને જાણ થતા રાજુભાઈ રોકડ અને સંજયભાઈ રોકડે ફોન કરી અવારનવાર ધાકધમકી આપતા હોય અને છ માસ પહેલા પણ પિતા-પુત્રને બેફામ મારકૂટ પણ કરી હતી અને સમાધાન માટે ૧૦ લાખ રૂપિયા લીધા હતા. તેમજ વધુ ૨૫ લાખની માંગણી કરતા હોય અને ક્રાઈમબ્રાંચમાં મારી ઓળખાણ છે તેમ કહી દબાવી હેરાન કરતા હોય આજે પૈસાની સગવડ ન થતાં આ પગલુ ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસની વધુ તપાસમાં એક સ્યૂસાઈડ નોટ મળી હતી જેમાં તેને જણાવ્યું હતું કે તેની માથે કોઈ દેણું નથી અને કોઈ પણ જાતની લોન લીધી નથી અને મારે કેટલાક લોકો પાસેથી રૂપિયા લેવાના છે તે એ લોકો તમને આપી દેશે અને હું આત્મહત્યા કરવા માટે મજબુર છું મને માફ કરજો મારો પરિવાર અને કુટુંબ કે સગાવ્હાલાનો કોઈ વાંક નથી અને મારી પાછળ ખર્ચ ના કરતા. યુવતી અને મારા પુત્રની બંનેની ભુલ હશે છતાં મારા દિકરાને અલગ-અલગ જગ્યાએ બોલાવી બે-ચાર વાર માર માર્યો છે. જે હું જોતો રહું છું અને એક પણ શબ્દ બોલ્યો નથી. રાજુભાઈએ રૂપિયા ૧૦ લાખની માંગ કરી હતી. જે મેં સમાધાન કરી રૂપિયા આપી દીધા છે. ત્યારબાદ સંજયભાઈ આવીને ધાકધમકી આપી વધુ ૨૫ લાખની માંગ કરી છેલ્લા છ માસથી હેરાન કરતા હોય તેને તેની વાડી પણ વેંચવા કાઢી હોય પરંતુ વાડી વાવવા આપેલ હોય અને તેને વાડી જોવા માટે કેટલાક લોકોને કીધુ હોય પરંતુ સંજયભાઈ અને રાજુભાઈએ તેને પૈસાની વ્યવસ્થા ન થાય તો મરી જાવ તેવું કહી ધમકી આપી હોય જેથી કંટાળી જઈ આ પગલું ભર્યાનું ઉલ્લેખ ર્ક્યો હોય પોલીસે ગુનો નોંધવાની તેમજ આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# પાટડીના ઝીંઝુવાડા ગામે પોલીસ પર જીવલેણ હુમલો

## પોલીસે હત્યાની કોશિષ, લૂંટ સહિતની કલમ હેઠળ ૪૦ના ટોળા સામે ગુનો નોંધી ચારની અટકાયત કરી

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ઝીંઝુવાડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ અને બે કોન્સ્ટેબલ ઉપર હુમલો કરવાના મામલે ૨૬ લોકોના નામ સાથે અને અન્ય ૪૦ લોકો ઉપર ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમાં સોનાની ચેઇન તેમજ ૪૦ હજાર ૫૦૦ની લૂંટની કલમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ હુમલાનો મુખ્ય આરોપી જાલમસિંહ અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે. પોલીસે અત્યાર સુધી ૪ શખ્સોની અટકાયત કરી લીધી છે અને બાકીનાને ઝડપવા ચક્રોગતિમાન કર્યા છે.

આ અંગેની માહિતી મુજબ ઝીંઝુવાડાના કુખ્યાત બુટલેગર જાલમસિંહ ઝાલાનું સમી પોલીસે પકડેલા દારૂના કેસમાં નામ ખુલ્યુ હતુ. સમી પોલીસ તેને પકડવા માટે આવી હતી પરંતુ પત્તો ન લાગતા સમી પોલીસ પરત ગઇ હતી. ઝીંઝુવાડા પોલીસને આરોપી ઉપર નજર રાખવા માટે જણાવ્યુ હતુ. દરમિયાન જાલમસિંહ ઝાલા મિત્રો સાથે જૈનાબાદમાં ક્રિકેટ રમતો હોવાની જાણ થતા ઝીંઝુવાડા પીએસઆઇ કે.વી.ડાંગર અને બે કર્મચારીઓ સાદા ડ્રેસમાં આરોપીને પકડવા ગયા હતા. જયાં આરોપીને ઉઠાવી લીધા બાદ તેની જ કારમાં પોલીસ મથકે રવાના થયા હતા.



આ દરમિયાન તેના મિત્રોએ ગામમાં જાલમસિંહને પોલીસ પકડીને લઇ જતી હોવાના સમાચાર આપી દેતાં પોલીસ ગામના જાપામાં પહોંચી ત્યારે ૪૦ લોકોનું ટોળુ ઉભું હતુ. કાર આવતાં જ પોલીસ પર છરીના ઘા ઝીંકતા પીએસઆઇ ડાંગરને ગંભીર ઇજાઓ થતા લોહી લુહાણ હાલતમાં ઢળી પડયા હતા. સાથે રહેલા બે પોલીસકર્મીઓ ઉપર પણ ટોળાના મારથી ઘાયલ થયા હતા. જે તકનો લાભ લઇને જાલમસિંહ અને જયપાલસિંહ ભાગી ગયા હતા. જિલ્લા પોલીસ વડા ડો.ગીરીશ પંડ્યા સહિત કાફલાએ ગામને પોલીસ છાવણીમાં ફેરવી દીધુ હતુ.

આ હુમલામાં પીએસઆઇ કે.વી.ડાંગરને ગંભીર ઇજાઓ પહોંચી હતી. જેમને પાટડી સરકારી હોસ્પિટલે સારવાર માટે લઈ જવાયા બાદ વધુ સારવાર અર્થે અમદાવાદની ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યારે બે પોલીસ કોન્સ્ટેબલ પણ સામાન્ય ઇજા પહોંચી હતી. જ્યારે આરોપી પોલીસને થાપ આપીને નાસી છૂટવામાં સફળ થયો હતો.

ડીવાયએસપી જે.ડી.પુરોહિતે જણાવ્યું હતુ કે, આરોપી જાલમસિંહ ઝાલા અગાઉ ઝીંઝુવાડાના ઘણા ગુનાઓમાં પકડાયેલો છે અને ખુબ માથાભારે શખ્સ છે. એની વિરૂદ્ધમાં રાયોટિંગ અને ધાડ જેવા અનેક ગુનાઓ પણ દાખલ થયેલા છે. સમીના દારૂના કેસમાં તેને પકડવા જતા આ હુમલાની ઘટના બની છે. આરોપીને પકડવા માટે પોલીસ ટીમે રવાના કરવામાં આવી છે.સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ અધિકારી ઉપર હુમલાનો આ ત્રીજો બનાવ છે. થોડા દિવસો પહેલાં જ થાનના PSI ઉપર હુમલો થયો હતો. એ અગાઉ પાણશીણાના PSI ઉપર હુમલો થયો હતો.

# મિતાણાના વિરવાવ ગામના શખ્સે યુવતી સાથે ઈસ્ટાગ્રામમાં મિત્રતા કેળવી ફસાવીને આપી ધમકી

## ન્યૂડ ફોટા વાયરલ કરવાની અને માતા-ભાઈને મારી નાંખવાની ધમકી આપતા યુવતીએ ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહી અભ્યાસ કરતી છાત્રાએ મોરબીના મિતાણાના વીરવાવ ગામના પુર્વરાજસિંહ ભુપતસિંહ જાડેજા સામે યુનિવર્સિટી પોલીસમાં લગ્ન માટે દબાણ કરી ન્યૂડ ફોટા વાયરલ કરવાની ધમકી આપી માતાને ગાળો ભાંડી ભાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની યુવતીએ ફરિયાદ નોંધાવી છે.

મુળ જામનગર પંથકની અને હોસ્ટેલમાં રહી બીએસસીનો અભ્યાસ કરતી લક્ષ વર્ષીય યુવતિએ ફરિયાદમાં જણાવ્યું હતુંકે ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ મારફત



વીરવાવના પુર્વરાજસિંહ સાથે સંપર્ક થયા બાદ ફોન પર વાતો કરતા મિત્રતા થતા ફરવા પણ જતા હતા. પુર્વરાજસિંહે લગ્ન કરવાનું કહ્યું હતું પરંતુ જ્ઞાતિ અલગ હોવાથી મેં લગ્નની ના પાડી દીધી હતી જે તેને નહીં ગમતાં ધમકી આપી હતી કે તારે મારી સાથે લગ્ન કરવા જ પડશે, જો તું લગ્ન નહિ કરે તો તારા ન્યુડ ફોટા અને વિડીયો વાયરલ કરી દઈશ. ગત ૩૧ ડિસેમ્બરના રાત્રે ફરીથી ફોન કરી લગ્ન વિશે શું વિચાર્યુ પૂછતાં મે લગ્નની ના પાડતા તું રાજકોટ છોડી જતી રહેજે નહિતર જીવતી નહિ રહે, પોલીસ પાસે જાઈશ તો જ તુ બચીશ કહી તારા ભાઈને તારા માતાને પણ મારી નાખીશ તેવી ધમકી આપી ગાળો ભાંડી હતી રાજકોટ આવેલ માતાને વાત કરી હતી અને હું ધમકીથી ડરી અભ્યાસ છોડીને માતા સાથે વતન જતી રહી હતી અને ફોન પણ બંધ કરી દીધો હતો. આ પછી માતાનો નંબર કોઈ રીતે શોધી તેને ફોન કરી માતાને પણ તારી દિકરીના લગ્ન મારી સાથે કરાવી દે નહિતર તને અને તારા દિકરાને મારી નાખીશ, તારી દિકરી પાછળ મેં અત્યાર સુધી જે રૂપીયા ખર્ચ્યા છે તે પાછા આપી દેજે નહિતર હું તને તારી ઓકાત દેખાડી દઇશ કહી ધમકી આપી હોવાનું જણાવતાં પીઆઇ બી. પી. રજયા સહિતના સ્ટાફે આરોપીને સકંજામાં લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના વિસીપરામાં દાદીના ઘરે રાજકોટની સગીરાનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર વિસીપરામાં રહેતી કોળી જ્ઞાતિની રોજાસરા ભૂમિકા જનકભાઈ (ઉ.વ.૧૫) ધો.૧૦માં અભ્યાસ કરતી નાની બાળાએ કાઈ અગમ્ય કારણોસર સાંજના પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા આ વિસ્તારમાં અરેરાટી પ્રસરી છે.

વાંકાનેર વીસીપરામાં રહેતી ભૂમિમકાના પિતા જનકભાઈ દોઢ વર્ષ અગાઉ મૃત્યુ પામ્યા છે. આથી ભૂમિકા તેની દાદી સાથે રહેતી હતી પરંતુ હાલ



રાજકોટ જંગલેશ્વર ખાતે તેના પરિવાર સાથે રહેતી હતી. તા.૪ના રોજ ઘઉં-ચોખા રાશનકાર્ડના લેવા માટે ભૂમિકાને વાંકાનેર ખાતે રહેતા તૈના દાદીને ત્યાં ગઈ હતી અને ખરીદી કરીને ઘરે પરત ફર્યા ત્યારે તેણે રૂમમાં જઈ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી જવા પામી છે. જ્યારે આ મામલે પોલીસ દ્વારા આપઘાત પાછળનું કારણ જાણવા તજવીજ હાથ ધરી છે.

# જૂનાગઢમાં કેશવ ક્રેડીટ કો.ઓ. સોસાયટીના એમ.ડી. સામે ગુનો દાખલ

## પોતાની સત્તાનો દુરઉપયોગ કરી રાજ્ય સેવકનો ખોટો પુરાવો જિલ્લા રજીસ્ટર સહકારી મંડળ સમક્ષં રજુ કર્યા

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનગઢ જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓની કચેરીમાં દસ્તાવેજો રજૂ કરવામાં કેશવ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીનાં એમ.ડી.એ પોતાની સત્તાનો દૂરઉપયોગ કરી રાજ્ય સેવકનો ખોટો દસ્તાવેજ જમા કરાવ્યો હતો. આથી તેમનાં વિરૂદ્ધ પોલીસમાં જિલ્લા રજીસ્ટારનાં મહિતી અધિકારી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

જૂનાગઢ જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીની કચેરીનાં મહિતી અધિકારી હસમુખભાઈ બાબુભાઈ કમાણીએ નોંધાવેલ ફરિયાદ અનૂસાર કેશવ ક્રેડીટ કો સોસા. નાં બે વર્ષનાં ઓડીટ તથા કેટલીક નકલો તથા અરજીઓની તમામ નકલો પોલીસ દ્વારા અભિપ્રાય માંગ્યો હતો. દરમ્યાન કેશવ ક્રેડીટનાં એમડી નરેન્દ્રભાઈ ભૂતે એક પત્રમાં જણાવ્યું હતુ કે ગુજરાત સરકારે વિરલભાઈ જોટવા તથા અન્ય કેટલાક અક્ટીવીસ્ટોને બ્લેકમીલ કરેલા છે જે સરકારીની નકલ આ પત્રમાં સામેલ કરવામાં આવી છે. જેથી કચેરી દ્વારા વિરલભાઈને મુખ્યમંત્રીનાં પત્રનાં આદેશ અનુસાર બ્લેક લીસ્ટ જાહેર કરવામાં આવ્યાં છે. પરંતુ સરકાર દ્વારા આવો કોઈ પત્ર જાહેર કરી કરવામાં આવ્યો ન હોવાનું જાણવા મળ્યું હતું. આ બોગસ પત્ર બનાવી માહિતી ન આપવાનાં ઈરાદે તેમજ તેમની પ્રતિષ્ઠાને હાની પહોંચે તેવું કૃત્ય કર્યું હતું. ત્યારે કેશવ ક્રેડીટ પાસે બ્લેકલીસ્ટ જાહેર કર્યાનો ખરો પત્ર માંગતાં આજદીન સુધી રજૂ કર્યો નથી. આમ, આરોપી કેશવ ક્રેડીટ કો ઓપરેટીવ સોસ.નાં મેનેજીંગ ડાઈરેક્ટર દ્વારા રાજ્ય સરકારના રાજ્ય સેવકને ખોટો પુરાવો આપી સાચો હોય તેવી રીતે રજૂ કરતાં તેમનાં વિરૂદ્ધ ફરિયાદ કરતાં બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દેવકીનંદન સોસાયટી અને ઉદ્યોગનગરમાં બેભાન થઈ જતા બે યુવાનોના મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં હાર્ટએટેકના બનાવ વધવા પામ્યા છે. જેમાં છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ લોકોના હાર્ટ એટેકથી મોત થયા હોવાની ઘટનાઓ સામે આવી હતી તેમાં ગઈકાલે કાલે વધુ બે લોકોના હૃદય ધબકારા ચૂકી જતા તેમના મૌત થયા છે. તેમા આજીડેમ ચોકડી નજીક રહેતા ૪૧ વર્ષીય ફેબ્રીકેશનના ધંધાર્થી અને ઉદ્યોગનગરમાં ૩૮ વર્ષી ય યુવાન રાત્રીના સૂતા બાદ હાર્ટએટેક આવતા તેમના મોત નીપજ્યા છે.

આ અંગેની માહિતી મુજબ પ્રથમ બનાવની વિગતો મુજબ આજીડેમ ચોકડી નજીક દેવકીનંદન સોસાયટી-૪માં રહેતા



રાકેશસી ગ ચંદ્રીકાસીંગ સીંગ (ઉ.૪૧)

ગઈરાતે પોતાના ઘરે સુતા બાદ છાતીમાં દુખાવો ઉપડતા સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા. પરંતુ ટુંકી સારવારમાં તેમનું મોત નિપજયું હતું. બનાવ અંગે જાણ થતા આજીડેમ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુમાં જાણવા મળ્યું હતું કે મૃતક મુળ બીહારના વતની અને છેલ્લા ૨૦ વર્ષથી રાજકોટમાં રહી ફેબ્રીકેશન કામના કોન્ટ્રાકટ રાખતો હતો. તેઓને સંતાનમાં બે પુત્ર છે. બીજા બનાવમાં લાખાજીરાજ રોડ પર ઉદ્યોગનગર-૮માં રહેતા રમેશભાઈ અરજણભાઈ મોટાણી (ઉ.૩૮) ગઈ રાતે ઘરે હતો ત્યારે અચાનક શ્વાસ ઉપડયા બાદ બેભાન થઈ જતા તેને સારવારમાં સીવીલ હોસ્પીટલમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે જાણ તથા થોરાળા પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો. અને તપાસ કરતા જાણવા મળ્યું છે કે, મૃતક બરફની મજુરી કામ કરતા અને તેઓ લાંબા સમયથી હૃદયની બીમારીથી પીડીત હતા. મૃતક છ ભાઈ બહેનમાં મોટા અને અપરિણીત હતો. બનાવથી પરીવારમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. જ્યારે પીએમના પ્રાથમીક રીપોર્ટમાં બન્ને યુવાનોના મોત હાર્ટએટેકથી થયાનું પ્રાથમીક તારણ બહાર આવ્યું છે.

# ઊના પોલીસ મથકના પીઆઈ એન.કે. ગોસ્વામી, એએસઆઈ નિલેષ છગન સામે ગુનો નોંધાયો

## એસીબીની તપાસ દરમિયાન વહીવટદાર અને પીઆઈ વચ્ચે થયેલી વાતચીતના રેકોર્ડીંગ મળ્યાઃ અન્ય રાજ્યોના વાહનો રોકી તોડ કરતાં હતા

**મુખ્ય સમાચાર, ઊના**

ઉનાના માંડવી (ધોધલા) ચેકપોસ્ટ ઉપર ૫ દિવસ પહેલા એસીબીએ કરેલ રનીંગ ડીકોય છટકામાં પકડાયેલ પોલીસના વહીવટદાર નિલેશકુમાર અભેસિંગ તડવીની ૪ દિવસ સુધી જૂનાગઢ એસીબી એકમ દ્વારા પૂછતાછ અને મોબાઈલના કોલ રેકોર્ડીંગની તપાસના અંતે ગુરુવારે જૂનાગઢ એસીબી ડીવાયએસપી બી.એલ.દેસાઈએ જાતે ફરીયાદી બનીને ગીર સોમનાથ એસીબીમાં વહીવટદાર તેમજ ઉના પોલીસ મથકના પી.આઈ. એન. કે.ગૌસ્વામી અને માંડવી ચેક પોસ્ટના એએસઆઈ નીલેશ છગન સામે ભ્રષ્ટાચાર આચરવા સબબ એફઆઈઆર દાખલ કરતા ચકચાર મચી જવા પામી છે.

ફરિયાદમાં નોંધવામાં આવેલી વિગત અનુસાર દીવ તરફથી ગુજરાતમાં પ્રવેશતા વાહનોને ઉના પોલીસ સ્ટેશન હદમાં આવેલ માંડવી (ઘોઘલા) ચેક પોસ્ટ પાસે વાહનોને રોકીને કોઈને કોઈ બહાને પોલીસ દ્વારા નાણાં પડાવતાં હોવાની બાતમી મળી હતી. જેને લઈને ઉચ્ચ કક્ષાએથી આદેશ છુટયા બાદ ગીર સોમનાથ એસીબી દ્વારા થર્ટી ફર્સ્ટની પૂર્વ સંધ્યા એટલે તા.૩૦ ના રોજ સાંજે રનીંગ ડીકોય છટકુ ગોઠવ્યું હતું, જેમાં દીવ તરફથી આવતી ડીકોય રેડના માણસોની કાર માંડવી ચેક પોસ્ટ ઉપર અટકાવવામાં આવી હતી.

ત્યારે એક પોલીસકર્મી દ્વારા કારમાં ચેક કરવાનું શરુ કર્યું હતું, ત્યારે એસીબી ટ્રેપ અને ડીકોયમાં ઉપયોગમાં લેવાતા વોઈસ રેકોર્ડર જોઈ જતા પોલીસકર્મી બુમાબુમ કરીને ભાગી ગયો હતો અને તેને જોઈને અન્ય પોલીસ સ્ટાફ અને હાલમાં પકડાયેલ વહીવટદાર નિલેશકુમાર તડવી ભાગ્યો! હતો, પરંતુ ડીકોય રેડના સ્ટાફે નિલેશ તડવીને ઝડપી અંગઝડતીમાં મળી આવેલ બે મોબાઈલ કબજે કરવામાં આવ્યા હતા. બાદમાં આ મામલે જૂનાગઢ એસીબી એકમને તપાસ સોપવામાં આવી હતી.

જૂનાગઢ ડીવાયએસપી દેસાઈએ તપાસ શરુ કરીને સ્થળ પરથી પકડાયેલ નીલેશ તડવીની પૂછતાછમાં તે દારુ અંગે વાહન ચાલકો પાસેથી નાણા લેતો હોવાનું કબુલ્યું હતું. અને તેની પાસેથી મળેલા બે મોબાઈલને એસીબીએ તપાસ કરતા તેમાં કોલ રેકોર્ડિંગની ઓડિયો ફાઈલ ચેક કરતા ઉના પી.આઈ. એન.કે.ગૌસ્વામી સાથેના સંવાદો મળી આવ્યા તેના પરથી ફોનના કોલ લોગ, ડેટાની એસીબીએ એફએસએલ દ્વારા વૈજ્ઞાનિક ઢબે ચકાસણી કરાવતા અહી ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચાર લગત વાતોને સમર્થન મળ્યું અને સીધા પુરાવા મળતા તા.૪ જાન્યુઆરીએ જૂનાગઢ ડીવાયએસપી દેસાઈએ ગીર સોમનાથ એસીબીમાં વહીવટદાર નિલેશ તડવી, ઉના પી. આઈ. એન.એક.ગૌસ્વામી અને માંડવી ચેક પોસ્ટના એએસઆઈ નીલેશ છગન સામે ફરિયાદ દાખલ કરાવી હતી.

જે મામલે એસીબીમાં ત્રણેય સામે ભ્રષ્ટાચાર નિવા૧રણ અધિનિયમ કલમ ૭ (એ), ૧૨, ૧૩(૧), ૧૩(૨), તથા ઈપીકો કલમ ૧૨૦ (બી), ૩૪ મુજબ ગુન્હો દાખલ કરીને પકડાયેલ નીલેશ તડવીને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતા કોર્ટે નીલેશના આગામી તા.૧૧ જાન્યુઆરી બપોરના ૪ વાગ્યા સુધીના રિમાન્ડ પર સોપ્યો હતો. આ કેસની તપાસ એસીબી દ્વારા રાજકોટ એસીબી એકમના ફિલ્ડ પી.આઈ. જે.એમ.આલને સોપી દેવામાં આવી છે. આ કેસની ગંભીરતા ધ્યાને લઈને કેસનું સુપરવિઝન અમદાવાદ એસીબી એકમના ડીવાયએસપી કે.બી.ચુડાસમાને સોપવામાં આવ્યું છે. અન્ય રાજ્યોના જ વાહનો રોકતા તેની માહિતી આપવાનું તેમજ વાહન રોકીને કોઈ વ્યક્તિ રેકોર્ડિંગ કરતું નથી તે ધ્યાન રાખવાનું અને કોઈ વ્યક્તિ પાસે તોડના નાણા રોકડા ના હોય તો સાથે જઈએ એટીએમમાંથી પૈસા લેવા અથવા ઓનલાઈન ટ્રાન્સફર એપ્લીકેશન મારફ્ત લેવાનું કામ કરતો હતો. તેમજ દિવસ દરમિયાન પી.આઈ.ગૌસ્વામીનો નીલેશ ઉપર ફોન આવતા અને તે દિવસભરની ગતિવિધિ કહેતો હતો, અને નીલેશે પી.આઈનો મોબાઈલ નંબર ગુરુજી નામે સેવ કર્યો હોવાનું તપાસમાં ખુલ્યું છે. એસીબીએ નીલેશના તે બે મોબાઈલ કબજે કર્યા છે.

# જંગલેશ્વરમાં ટ્યુશનમાંથી છુટી ઘરે જતાં બાળકને ગાયે ઢીંકે ચડાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રહેતો ૫ વર્ષનો માસૂમ આર્યન ગીરીશભાઈ ધામેચા નામનો બાળક ટ્યુશન માંથી છૂટીને ઘર પાસે જતો હતો ત્યારે ૨ ગાયે તેને ઢીક મારી હતી. જેથી બાળકને માથા અને મોઢાના ભાગે ઈજા થતાં બાળકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યારે આ મામલે બાળકની માતા આરતીબેને જણાવ્યું હતું કે, જંગલેશ્વર શેરી નં. ૧૮માં રહીએ છીએ. જ્યાં રખડતા ઢોરનો ત્રાસ ખૂબ જ છે. બાળક ટ્યુશનમાંથી ઘરે આવતો હતો ત્યારે ગાયે



ઢીક મારતાં માથા અને મોઢાના ભાગે ઈજા થઈ છે. આ અગાઉ પણ રખડતા ઢોર દ્વારા લોકોને ઈજાગ્રસ્ત કરવામાં આવ્યા છે. અમુકને ગંભીર ઈજા પહોંચાડી છે. તો ઘણાના મોત પણ થયા છે. જેથી આ રખડતા ઢોરને પકડી પાડવા લોકો દ્વારા માંગ કરાઇ છે.ઉલ્લેખનીય છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રખડતાં ઢોરને પકડવા માટે ઝૂંબેશ શરૂ કરી છે. રજિસ્ટ્રેશન વિનાના ઢોરને પકડવા માટે ઢોર પકડ પાર્ટી કાર્યરત છે તેમ છતા ઢોરનો ત્રાસ યથાવત છે. અને મનપાએ રખડતા ઢોરને માત્ર તેના ચોપડામાં જ પકડયા હોવાનું લાગી રહ્યું છે.

# મોટી ટાંકી ચોક પાસે કોમ્પ્લેક્ષના પાર્કીંગમાં રાખેલ એકટીવાની ડેકીમાંથી રૂા.૨૫ હજારની ચોરી

## તસ્કર બેલડી સીસીટીવી કેમેરામાં કેદ થઈ જતા પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં તસ્કરો બેકાબુ બન્યા હોય તેમ ટ્રાફીકથી ધમધમતા મોટી ટાંકી ચોકમાં કોમ્પલેક્ષના પાર્કીંગમાં એકસેસની ડેકી તોડી તસ્કરો રોકડની ચોરી કરી ગયાની ફરીયાદ કરતા પ્ર.નગર પોલીસે તપાસ કરતા સીસીટીવી કેમેરામાં તસ્કર બેલડી કેદ થઈ જતા પોલીસે ગુનો નોંધવાની અને તસ્કરોને પકડવાની કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ મોટીટાંકી ચોક નજીક પ્રતિભા



કોમ્પલેકસના પાર્કીંગમાંથી ભર બપોરે એકસેસની ડેકી તોડી તસ્કરો રૂ.૨૫ હજારની ચોરી કરી જતા બનાવને પગલે વિડીયો વાયરલ થતા પીઆઈ ગોંડલીંયા સહીતના સ્ટાફે તપાસ કરતા સીસીટીવી કેમેરામાં કેદ તસ્કર બેલડીએ મોપેડની ડેકી તોડી રોકડની ચોરી તેમજ અન્ય એક મોપેડમાં ચોરીની કોશીષ કરી હોવાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસે બનાવ અંગે ગુનો નોંધવાની તેમજ તસ્કર બેલડીને પકડી લેવા કાર્યવાહી કરી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT